

રમેશ ઠક્કર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ચોતરફ તું જ છે શું કહું,
નસીબ તું જ છે શું કહું.

વણકહી વાતનો સાર તું,
મૌન એ તું જ છે શું કહું.

હકદાર તો હતાં ઘણાંય,
વિસામો તું જ છે શું કહું.

પામી અંત લગી સુગંધ,
ફૂલ એ તું જ છે શું કહું.

સમી સાંજે વાટ જોતો,
જીવન તું જ છે શું કહું.

અમરીશ શુક્લ

## પાથેય

### એકાંતને અજવાળતી કથા

"પ્રિયજન" વિનેશ અંતાણી લિખિત નવલકથા મેં પહેલીવાર વાંચી ત્યારે મારી ઉંમર વીસેક વરસની હશે..એ પછી એકાદ બે વાર વાંચી..અને આજે એ ફરીથી લગભગ તંતોતંત વાંચી...દરેક વખતે હું સરખો ભાવુક થયો છું..હમણાં એકાંતના સહવાસમાં ફરી એકવાર આ કથા મારા આંતરમનને શણગારી ગઈ... અત્યારે મારી ઉંમર કથાના મુખ્ય નાયક નિકેત જેટલી છે..પણ પહેલીવાર વાંચી ત્યારે પણ હું મને નિકેત લાગેલો! વીસ આસપાસની ઉંમરે પ્રેમમાં પડેલા નિકેત અને નાયિકા ચારૂ વિખુટાં પડી જાય છે..દરિયા કાંઠાના નાનકડા ગામમાં એમના મુગ્ધપ્રેમની ઘણી પળો નીખરે છે..એ નગર, અને પ્રથમ પ્રણયની યાદગાર ક્ષણો બંનેના મનોજગતમાં મોંઘેરી મૂડીની જેમ સચવાઈ ગયેલાં છે.

પ્રણય વિચ્છેદનો છેદ બંનેના દિલ માં ઉંડે સુધી પડી ગયેલો છે..કથાનાયક નિકેત ઉમા નામની પત્ની સાથે જીવન વિતાવે છે..પણ એની ગંભીર પ્રકૃતિ સતત ચારૂને મીસ કરે છે..ઉમા એને સરસ નિભાવે છે..સુંદર બાળકો અને સંસાર છે..ચારૂ દિવાકર નામના આઈ.એ.એસ.સજ્જનને પરણે છે..સુખી સંસાર ભોગવે છે..પણ નિકેતને ભુલી શકતી નથી..ત્રણ સંતાનોની માતા બને છે..પતિ મૃત્યુ પામ્યો છે..ત્રીસ વરસના અંતરાલ પછી ચારૂ એ જ ગામમાં એકલી રહેતી હોય છે..ત્યાં નિકેતનું આગમન થાય છે..વહી નગર વહી યાદેં..બંને ના મનમાં અકબંધ હોય છે..

કથાની શરૂઆત ત્યાંથી થાય છે.."પ્રિયજન " શબ્દ છેક ત્રીજા પ્રકરણમાં પ્રથમ વાર આવે છે..પણ બે પ્રિયજનોનું મળવું અને ત્રણ દાયકાની વિતેલી જિંદગી ના વાસ્તવ સાથે વિતેલી પળોને સંવેદવું એ અદ્ભુત રીતે લેખક આલેખે છે..વિષાદની એક રેખા અંકાય છે જે કથાના અંત સુધી આપણને સતત ભીંજવી છે..બે ચોટલા આગળ હોય એવી અલ્લડ છોકરી ચારૂ હવે પીઢ વિધવા સ્ત્રી છે..તો કોલેજિયન નિકેત હવે બ્લડપ્રેશરથી પીડાતો પાકટ પુરૂષ છે..પણ લેખક કહે છે એમ 'સ્મૃતિઓ કિનારા વિનાના દરિયા જેવી હોય છે..." ઘણા વર્ષે ભેગાં થયેલાં બંને જણ ચારપાંચ દિવસ એકલાં રહે છે..ભુતકાળ ને જીવંત કરે છે..વાસ્તવ ને સંવેદે છે..એક ટીસ વાચકના હદયને હલબલાવે છે...

પ્રિયજનને ગુમાવવું અને જિંદગીના ઉત્તરકાળે એને મળવું...કથામાં ઘટનાઓ ઓછી છે..સંવેદનસભર આલેખનો છે.."પ્રેમમાં વિષાદ અને પ્રસન્નતાથી પર પણ કશુંક હોય છે " એ ભાવને એને લેખક અદ્ભૂત રીતે ઘૂંટે છે..વાચક સતત ઉત્સુક રહે છે..લેખકની ભાષામાં કચ્છી બોલીની છાંટ છે..જે કથાપ્રવાહને બહેલાવે છે.."બધું મળ્યું હોય પણ જે નથી મળતું એનો ઓથાર વજનદાર હોય છે.." જિંદગી ના જુદા જુદા તબકકે "પ્રિયજન ' વાંચી અને દરેક વખતે ભાવુકતા અનુભવી છે..નિકેત મને સમદુ:ખિયો લાગે છે..આખરે તો નવલકથા એ આપણી જ કથા હોય છે ને.?

# સંસ્કૃતિ : મજૂરોની શોષણની સાતત્યપૂર્ણ વ્યથાની કથા



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

થોડા મહિનાઓ પહેલા દિલ્હીની એક ફેક્ટરીમાં લાગેલી આગની જ્વાળાઓમાં ૨૦થી વધારે મજૂરો ભરખાઈ ગયા. સમાચારો પ્રસિદ્ધ થયા. આગ લાગે તે સામેની વ્યવસ્થાની ખામી સામે આવી. કાનૂની કાર્યવાહી થશે. વાત પણ વિસરાઈ જશે. પરંતુ આ વીસથી વધારે કુટુંબોની સ્મૃતિમાંથી આ ઘટનાનું ઝખમ આજીવન રૂઝાશે નહિ. કામદારોની સલામતી માટેના કાયદાઓ છે પરંતુ અસંખ્ય કામદારો જે ઇન્ફોર્મલ સેક્ટરમાં કામ કરે છે તેઓ આવા કાયદાનું કવચ ધરાવતા નથી. સરકાર આવા કેસોમાં તાત્કાલિક રાહતના નાણાકીય પેકેજ જાહેર કરે છે. તેનાથી ત્વરિત રાહત પણ મળે છે. જો કે આવી સમસ્યાઓના મૂળમાં જઈને તેનો કાયમી ઉકેલ મોટા ભાગે શોધવાનો પ્રયાસ થતો નથી. આથી અસરગ્રસ્તોને તાત્કાલિક રાહત આપીને આ બાબત થોડા સમય બાદ વિસ્મૃત થાય છે. શહેરો કે નગરજનોની સુવિધા માટે ડ્રેનેજ સિસ્ટમ કરોડો રૂપિયાના ખર્ચે ઉભી કરવામાં આવે છે. સિસ્ટમમાં કોઈ જગાએ કચરો ભરાઈ જાય તો તેને સત્વરે સાફ કરવી પડે છે. નગરપાલિકા અથવા મહાનગરપાલિકાની આવી સફાઈ કરાવવાની ફરજ છે. આથી નગરપાલિકાના સફાઈ કામદારો આ માટે ભૂગર્ભમાં ઊંડા ઉતરી સફાઈ કરતા મજૂરોનું ગૂંગળામણને કારણે મૃત્યુ થાય છે. કામદારોમાં સ્વાભાવિક રીતે જ રોષ ઉભો થાય છે. નેતાઓ-અધિકારીઓ થોડી સમજાવટથી અને કહેવાતા તગડા વળતરથી આ રોષને શાંત પાડે છે. ફરી બધું રાબેતા મુજબ ચાલતું રહે છે. બીજા અકસ્માતની કોઈને પ્રતીક્ષા હોતી નથી પરંતુ વ્યવસ્થા બદલવાના મૂળગામી ફેરફાર ધીમી ગતિએ થતાં રહે છે. ચાર દાયકા પહેલા થયેલી ભોપાલની ગેસ દુર્ઘટનાના ભોગ બનેલાઓનો કારણ સહિતનો દાવો છે કે દુર્ઘટનામાં ભોગ બનેલાં વ્યક્તિઓ કે તેમના કુટુંબોને ન્યાયપૂર્ણ વળતર મળ્યું નથી. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ન્યાયિક કાર્યવાહી ચાલતી રહે છે. આ સ્થિતિ અનેકવાર અકળાવનારી લાગે છે. ઝવેરચંદ મેઘાણીના શબ્દો યાદ આવે છે. આ શબ્દો બીડીઓ વાળવાની કાળી મજૂરી કરતી બહેનોના સંદર્ભમાં લખાયા છે.

આજ દુનિયાને હાટડે દેખો
મોંઘા ગાંજો ભાંગને સૂકો
સોંઘો સ્ત્રીના દેહનો ભૂકો
પીડિત જાનના શોણિત સોંઘા
બીડીઓ વાળો રે !
નિરાધાર બીડીઓ વાળો રે !

દુનિયાની પ્રગતિ થઇ રહી છે. આ વાતનો ઇન્કાર ન થઇ શકે. પરંતુ આ પ્રગતિમાં માનવીય હિતના તત્વોનો સમાવેશ થાય છે ખરો? મોટા તેમજ ખર્ચાળ તથા ભવ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની એક વણકહી હરીફાઈ ચાલી રહી છે. સૌને વિશ્વને આંજી નાખે તેવું ઇન્ફ્રાસ્ટ્રક્ચર બને તેટલી ઝડપે ઉભું કરવું છે. ઝડપ લાવવા માટે નાના કે મોટા સમાધાન કરવા પડતા હોય તો તેમ કરવામાં કોઈ છોછ નથી. મજૂરોના મૂળભૂત હક્કોની અવગણના એ આવા સમાધાનોનો એક મહત્વનો ભાગ છે. આવું સમાધાન કાયદાના પાલનની પાયાની જોગવાઇઓના પાલન સંબંધી મુખ્યત્વે હોય છે. આવા કામ સાથે જોડાયેલો મજૂરોનો એક મોટો વર્ગ હોય છે. મોટા બાંધકામો સાથે કામદારોની સલામતી માટે કાનૂની જોગવાઈઓ હોય છે. આવા કામોમાં રાત-દિવસ મજૂરી કરતા કામદારોના વળતર, આરોગ્ય તથા તેમની સુખાકારી માટે ચોક્કસ કાયદાની જોગવાઈઓ હોય છે. પરંતુ ઘણાં કિસ્સાઓમાં આવા કાયદાઓના પાલન માટેની અસરકારક વ્યવસ્થા હોતી નથી. સત્તામાં રહેલાં લોકોનું વલણ પણ સમયસર પ્રોજેક્ટ કાર્યાન્વીત કરવા તરફ વિશેષ હોવાથી કાયદાપાલન માટેની બાબતમાં ઢીલું વલણ દાખવે છે. પરિણામ સ્વરૂપે પ્રોજેક્ટ તો પૂરો થાય છે પરંતુ એ પરિણામ અનેક નિર્દોષ લોકોના લોહીથી ખરડાયેલું હોય છે. પરંતુ આવી નબળી હકીકતનો ઉલ્લેખ કે ચિંતા ઘણી ઓછી થાય છે. મોટા કાર્યના નિર્માણમાં જેમણે કાનૂની જોગવાઇઓના પાલનની જવાબદારી નિભાવવાની હોય છે તેઓ પણ આવી અનુચિત વ્યવસ્થાનો ભાગ્યે જ ઉલ્લેખ કરે છે. ઢાંક પીછોડો થયા કરે છે. ક્રમશ: આવી ઘટનાઓ વિસરાતી જાય છે. ફૂટબોલની વૈશ્વિક સ્પર્ધાનું ભવ્ય ઇન્ફ્રાસ્ટકચર ઉભું કરવાની બાબત એ આ બાબતનું તાજું ઉદાહરણ છે.

દોહા-કતારમાં ફૂટબોલની વૈશ્વિક સ્પર્ધા નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૨માં યોજવામાં આવી. તાજેતરની જ આ ઘટનાના સમાચારો સમગ્ર વિશ્વમાં પ્રસરતા રહ્યા. ફૂટબોલની આ વૈશ્વિક સ્પર્ધાની અનેક વાતો માધ્યમોમાં થઇ. આ વાતો વિસરાઈ પણ જશે. પરંતુ ફિફા વર્લ્ડ કપમાં ભવ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા માટે સ્થળાંતરિત થયેલા કામદારોની અકથ્ય વ્યથા કોણ કરશે અને કોણ સાંભળશે? કતારમાં વિશાળ સ્ટેડિયમ, રહેઠાણોની મોટી વ્યવસ્થા માટેની જોગવાઈ, હોટેલો, વિશાળ રસ્તાઓ તથા વાહનવ્યવહારની વિસ્તૃત વ્યવસ્થા ઉભી કરવાની હતી. મોટી સંખ્યામાં મજૂરો જોઈએ. દુનિયાના અમુક દેશોમાંથી આવા મજૂરોનો સમૂહ ઉપલબ્ધ થાય છે. બાંધકામના મસમોટા કોન્ટ્રાક્ટોને પુરા કરવા માટે કામદારો સાથે થયેલા અમાનવીય વ્યવહારની વાતો કેટલાક માધ્યમોમાં પહોંચી. મજૂરો માટે પગાર તથા કામની શરતો અનુચિત તેમજ અમાનવીય હતી તેવા સમાચારો બહાર આવ્યા. કામ કરવાના સ્થળે અનેક લોકો વીજ કરંટ લાગવાથી, બાંધકામ દરમિયાન થયેલી નાની-મોટી ઇજાઓથી તથા કોઈ કોઈ કિસ્સામાં મૂંઝવણ અનુભવતા મજુરની આત્મહત્યાથી અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. મૃત્યુના આવા કિસ્સાઓની સંખ્યા બાંધકામ માટે જવાબદાર એજન્સીએ જે આપી તે વિવિધ દેશોના દૂતાવાસોએ એકઠી કરેલી મૃત્યુની વિગતોથી ઘણી ઓછી હતી. માનવ અધિકારો માટેના વિશ્વના સંગઠનોએ આ ઘટના તરફ સૌનું ધ્યાન ખેંચવા પ્રયાસ કર્યો. સ્થાનિક દેશની કાનૂની જોગવાઈઓ જોતાં આ બાબતમાં શ્રમિકોને કોઈ નોંધપાત્ર લાભ થવાની આશા નથી. દક્ષિણ આફ્રિકામાં ગિરમીટિયાના પ્રશ્ને વિરોધનો વંટોળ ઉભો કરનાર ગાંધી પણ હવે ક્યાં છે.? આ સ્થિતિ આજના સંદર્ભમાં પણ કેવી ભયાવહ છે તેનો ખ્યાલ આવા અનેક પ્રસંગો પરથી આવી શકે છે.

# ભગવાનની 'રથયાત્રા' અને આપણી 'અર્થયાત્રા', 'વ્યર્થયાત્રા' કે અર્થપૂર્ણ યાત્રા??



હળવે હૈયે

પ્રકાશ લાલા

જગતાધાર, ભગવાન જગન્નાથજી નગરચર્યા કાજે, 'રથયાત્રા' કરે છે.... આપમેય ઉલ્લાસે - ઉમંગે એમાં જોડાઈએ છીએ.... પણ પ્રભુની 'રથયાત્રા' સાથેની આપણી 'પદયાત્રા' અર્થપૂર્ણ હોવી જોઈએ.... કેવળ દેખા-દેખી અને 'હઈસો... ભાઈ... હઈસો....' વાળી નહીં !!!

ભગવાનની 'રથયાત્રા' સામે આપણી 'જીવનયાત્રા' ફક્ત 'વ્યર્થયાત્રા' ના બની રહેવી જોઈએ. હા, ઘણાં માટે જીવનયાત્રા માત્ર 'અર્થયાત્રા' (ધન-વિત્ત-પૈસા માટેની જ યાત્રા!) જ હોય છે. આવા યાત્રિકોનું કમાવા ને ભેગું કરવા સિવાય બીજું કોઈ લક્ષ્ય નથી હોતું. જીવનમાં 'અર્થ' જરૂરી છે જ પરંતુ આપણી જીવનયાત્રા ફક્ત ને ફક્ત આ અર્થમાં 'અર્થયાત્રા' ના હોવી ઘટે !

આપણી સંસ્કૃતિ સ્વકેન્દ્રી બનવાનું નથી કહેતી..... એટલે આપણે જીવનયાત્રાને 'સ્વાર્થયાત્રા' નહીં પણ 'પરમાર્થયાત્રા' બનાવવાની જરૂર છે. 'સ્વ' નહીં 'સૌ' નો વિચાર કરતા થઈએ તો આપણી યાત્રા સર્વ માટેની 'હિતાર્થયાત્રા' બને અને એ જ છે 'સાર્થક જીવનયાત્રા' - મોટી 'તીર્થયાત્રા'.

આપણી જિંદગી 'દેવાર્થયાત્રા' (અન્યને આપવાની વૃત્તિ - પ્રવૃત્તિવાળી યાત્રા) થવાને બદલે ઘણીવાર ફક્ત લેવાર્થ (લે - લે કે લાવ - લાવ કરવાવાળી) યાત્રા બની જતી હોય છે.) આપણી સંસ્કૃતિ કહે છે કે આપીને આનંદ મેળવો) ત્યાગીને ભોગવો, વહેંચીને ખાવ...

ઘણીવાર વિચારીએ તો લાગે છે કે આપણી જીવનયાત્રા વ્યર્થયાત્રા જ બનતી જાય છે.... વ્યર્થ અર્થ વગરના વિવાદોમાં સમય વેડફવો, અહં - ઈર્ષ્યા - લોભ મોહ જેવા વ્યર્થ ભાવોને પોષવા કે તુચ્છ મુદ્દે નકામા ઝઘઢા કરતા ફરવું - આ બધી અર્થ વિનાની વાતો સાથે જીવતા રહેવું મતલબ કે જીવનની 'વ્યર્થયાત્રા'!!

ભગવાનની 'રથયાત્રા' પર્વે એમનું મોસાળું થાય છે અને આપણે 'મારું - મારું' અને 'મેં કર્યું.... મેં કર્યું....' એવી આપવડાઈમાંથી ઊંચા નથી આવી શકતા... આમાંથી મુક્ત ના થવાય ત્યાં સુધી ગમે તેટલી 'રથયાત્રા' માં 'જય રણછોડ... જય જગન્નાથ.... કરતા જોડાઈએ 'પદયાત્રા' કરીએ.....' આપણી જીવનયાત્રા 'વ્યર્થયાત્રા' જ રહેવાની ! માટે જ આ 'રથયાત્રા' ના પાવન પર્વે અમે તો ઘરે જ બેસીને, જગન્નાથ પુરી - અમદાવાદ સહિત ઠેર ઠેર નીકળેલી રથયાત્રાઓનાં (દૂરથી દર્શન કરીને) દૂરદર્શન - ટી.વી. ઉપર દર્શન કરીને, અમારી જીવનયાત્રાને બને તેટલી અર્થ (પૂર્ણ) યાત્રા બનાવવાનો સંકલ્પ કર્યો છે.....

'પટેલ, આજે તારી આંખોમાં અત્યારથી ઊંઘ કેમ દેખાય છે? ને થાકેલો ય લાગે છે... ' લાલાકાકાએ રાત્રે ચોકઠા પરિષદમાં પોલીસની જેમ પટેલની પૂછપરછ કરી.

'જવા દો ને અંકલ વાત જ ના પૂછશો..... આજે બપોરની ઊંઘ ખેંચવા પલંગમાં પડ્યો પણ એક પ્રશ્ને ચિત્ત એવું તો ચકરાવે ચઢી ગયું કે એનો ઉત્તર ગોતવામાં ઊંઘી ના શકાતું એટલે.....?'

'અચ્છા ?' પટેલને પૂરું બોલવા દીધા વિના અંકલે ઈન્કવાયરી ચાલુ રાખી : 'અલ્યા, એવા તો કયા પ્રશ્ને તને પરેશાન કરી દીધો ?'

'કાકા હું પલંગમાં સૂતો ને માથે ફરતા પંખાને જોઈને પ્રશ્ન જાગ્યો કે પંખા ગોળ કેમ ફરે છે ? આ સવાલ મગજનો કબજો જમાવ્યો અને....'

'અને આપણી પાસે વૈજ્ઞાનિક જેવું જ્ઞાન કે વિ (વિશેષ) જ્ઞાન નહીં. એટલે જવાબ ઝટ ના જ જડે ને !' પંચાલભાઈએ દલીલ કરી....

'હા.... એટલે મારી ઊંઘ હરામ થઈ ગઈ એટલે અંકલ અત્યારે તમને મારી આંખોમાં ઊંઘ દેખાય છે....'

'ગાંડાભાઈ, બહુ સહેલો જવાબ છે આનો.... તને ના મળ્યો ?' રેડ અંકલે કહ્યું.

'હેં ? અંકલ, તમને જવાબ ખબર છે...?'

'હા.'

'તો કહો જોઈએ કે પંખા ગોળ જ કેમ ફરે છે ?' પટેલે ઉત્સુકતાથી અને લાલાકાકા પ્રત્યે અહોભાવથી પૂછ્યું.

'કેમ કે એ ચોરસ, લંબચોરસ, ત્રિકોણ નથી ફરતા માટે જ ગોળ ફરે છે ?' જ્ઞાનીની અદાથી પૂરા કોન્ફિડન્સથી લાલાકાકાએ જવાબ આપ્યો.

'શું ?' એવા પ્રશ્ન સાથે કાકાએ કરેલી મજાક અને મારેલી પી.સી. - પુઅર જોક - સામે અમે સૌ ગમ ખાઈ ગયા.

ઘણા લોકોમાં આવા વ્યર્થ આત્મવિશ્વાસનો ભંડાર ભર્યો પડ્યો હોય છે. આવી વ્યક્તિઓ કોઈ વાતે, કોઈ પ્રશ્ને જરાય અચકાયા - ખચકાયા વિના, જે સૂઝે તે ફૂલ કોન્ફિડન્સથી કહી દઈ એકવાર તો સામાવાળાને ચૂપ કરી દેતી હોય છે....

રેડ અંકલે સાવ ફાલતું વાત કરી, ફિરકી લઈ રહ્યા છે તે જાણવા છતાં, એક તો વડીલ અને એમાંય રેડ અંકલ - એમની જોડે લમણા લેવા એટલે પથ્થર જોડે માથું પછાડવા બરાબર હતું, તેથી વાત આગળ ના વધારવામાં જ ડહાપણ માની બધા મૌન રહ્યા.

વાતાવરણ હળવું કરવા અમે કાકાને પૂછ્યું : 'અંકલ તમે અંકલી સૉરી કાકીને ક્યાંક હિલ સ્ટેઓશન ફરવા લઈ જવાના હતા એનું શું થયું ?'

'એમાં તો પનુભાઈ, એવું થયું કે વાવાઝોડાના લીધે આપણે ત્યાં વચ્ચે બે દિવસ વરસાદ પડ્યો, વાતાવરણ ઠંડુ ને વાદળ છાયું થયેલું....'

'તેનું શું છે ?'

'અરે, એ જોઈ તમારી કાકી બોલી ગઈ કે 'વાહ... આપણે ત્યાં કેવું હિલ સ્ટેશન જેવું થઈ ગયું છે...' એટલે મેં તરત એને કહ્યું કે, 'તો પછી રૂપિયા ખર્ચીને દૂર જવાની ક્યાં જરૂર છે.... અહીં જ મજા માણીએ.... જો અહીં ઠંડક છે.... ઠેર-ઠેર પાણી ભરાયાં છે તેને નૈનિતાલનાં નવ તળાવો માની લેવાના.....'

'તમે આવું કહ્યું ને કાકી માની ગયા ?'

'હોતું હશે ? એમ માની જાય એ તમારાં કાકી નહીં... પણ પછી મેં એમને ટ્રેઈન પ્રવાસમાં ખતરનાક એક્સીડેન્ટનો ભય, ફલાઈટ ૧૨-૧૨ કલાક મોડા ઊડે છે ને ગમે ત્યાં ફોર્સ લેન્ડીંગ કરે છે ત્યારે પૈસા ખર્ચીને ય રસ્તે રઝળવી જેવી પરિસ્થિતિનો ડર, ઠેર-ઠેર ભારે વરસાદ - પૂરને પહાડો ઘસી પડતા દટાઈ કે ફસાઈ જવાનો ભય બતાવ્યો એટલે એ થોડી હલી ગઈ ને કહે કે 'બળ્યું.... ક્યાંક સલામતી ના હોય તો ઘર શું ખોટું છે !''

'ટૂંકમાં જેમ હમણાં તમે અમને ખોટે ખોટો જવાબ આપીને સમજાવી દીધા એમ કાકીને ય....' પંચાલે હળવેથી કોમેન્ટ કરી.

'હા.... એટલે ગમે તેમ તમે પ્રવાસનો ખર્ચો બચાવ્યો, ખરું ને અને આમેય વાતો કરવામાં અને દલીલો દ્વારા સામવાળાને પટાવી દેવાની કળામાં તમે 'ચેમ્પિયન' છો જ !!'

અમે કહ્યું... એ સાંભળી બધા હસી પડ્યા ને રેડ અંકલ મલકાયા !!

# ॥ પિતૃદેવો ભવઃ ॥






અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧) ભારતીય પરંપરામાં, બાળક સમજણો થાય, ત્યારથી એનામાં માતાપિતાના સન્માનના સંસ્કાર દઢ થતા જાય છે. પશ્ચિમમાં માતૃમહિમા અને પિતૃમહિમા માટે દિવસો નિશ્ચિત છે. આમાં જૂનથી અઢારમી તારીખ ફાધર્સ ડે છે.

(૨) અહીં પિતાને સંબોધીને લખાયેલી કાવ્યની નોંધ લેવી છે. આ 'ગંભીર પ્રાયશ્ચિત કાવ્ય' છે.

(૩) ૨૫મી માર્ચ, ઈ.સ.૧૮૯૮માં દલપતરામ ડાહ્યાભાઈ કવિનું અવસાન થયું. એમના પુત્ર હતા - ન્હાનાલાલ દલપતરામ કવિ. એમનો જન્મ ૧૬મી માર્ચ, ઈ.સ. ૧૮૭૭ના રોજ થયો હતો.

(૪) ન્હાનાલાલે કાવ્ય રચ્યું છે. 'પિતૃતર્પણ'. એમાં ૧૦૧ કડીઓ છે, પદ્યો છે, આ પ્રવાહી અનુષ્ટુપ છંદમાં છે. કાવ્યને પ્રારંભે એમણે નોંધ મૂકી છે. 'સ્મૃતિશેષ વડીલ પૂર્વજ આગળ નવીન નું (પોતાનું) પ્રાયશ્ચિત.'

(૫) ઈ.સ. ૧૯૩૧. આ સાલમાં કાવ્ય સંગ્રહ પ્રકાશિત થયો. 'આપણી કવિતાસમૃદ્ધિ'. સંપાદક છે - બલવંતરાય કલ્યાણરાય ઠાકોર. એમણે સમયગાળો રાખ્યો ઈ. સ. ૧૮૪૫થી ઈ.સ. ૧૯૩૦. સમયમાંથી એમણે પંચાવન કવિઓના ૬૦ કાવ્યો પસંદ કરીને આપ્યા. એમણે આ કાવ્યોનાં વિવરણમાં પૂરક માહિતી આપી. સામાન્યત: કવિની એક રચના આપે. ન્હાનાલાલની બે કૃતિઓ આપી. તેમાંની એક આ પ્રાયશ્ચિત કૃતિ છે. એના વિવરણમાં એમણે નોંધ મૂકી. 'આ કડીઓ અમર નીવડશે.'

આ કાવ્ય 'પિતૃતર્પણ'નો અંશ અહીં આપ્યો છે :-

**પિતાજી ! તત્ર ને પુષ્પે, એ જ આવી વસંત આ.**

**ટહૌકે છે કોકિલા એવા, ટહૌકે છે સ્મરણો અહા ।**

**હું ય તે લઈ આ વીણા, સ્મરું છું ગુણ આપના.**

**પુણ્યશ્લોક પિતા ! મંત્રો, જપુ છું પિતૃ જાપના.**

**છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ,**

**દેવોના ધામના જેવું, હૈડું જાણે હિમાલય.**

**સ્મિતની સુંદરતાના, કપોલે અંકુરો ઊભા.**

**મધુરાં હાસ્યની દીપે. મુખડે મધુરી પ્રભા.**

**શું શું સંભારું ને શી શી, પૂજું પુણ્યવિભૂતિ એ?**

**પુણ્યાત્માના ઊંડાણ તો, આભ જેવા અગાધ છે.**

**બહુ અવગણ્યા, તાત! અસત્કાર્યો, અનાદર્યા.**

**રે! અપનાનના ગારે, આ હાથે દેવ ! અર્ચિયા.**

**ખીજવ્યા, પજવ્યા પૂરા, કુમળું દિલ કાપિયૂ.**

**ને ત્હમારા દિનો છેલ્લા, ઝેર કીધા - સહુ ગયૂ.**

**રમીને ભમીને હૂં, આવ્યો છૂં આપ છાયા માં.**

**સૌ અળવીતરાંની એ, ક્ષમાઓ તાત! આપ જો.**

**ન જોશો માટિ ને દેવો ! માનજો પંક પંકજો.**

**જ્યોત્સનાની ધારમાં જેવો, ભર્યો મંત્ર સુધામય.**

**એવો ગેબી સુણ્યો મંત્ર -'પિતૃ દેવો ભવ પ્રિય.'**

(આધારસ્થાન - આપણી કવિતા સમૃદ્ધિ - બલવંત રાય કલ્યાણરાય ઠાકોર; શ્રી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ઈ.સ. ૧૯૩૧, આવૃત્તિ ૧લી)